ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આવે છે બિંધાસ, - દારૂ, ચોકીદારો જ ફૂટલ છે,*
*લે હપ્તા ભરપેટ પહેરેદારો જ ખૂટલ છે*
*તૂટલ છે તપાસદાસ, રાખી દે છિદ્રો તપાસમાં -*
*બચાવે બૂટલેગરને જમાદારો જટિલ છે...*
*(આબકારી નહીં, આવકારી ખાતું...)*

### હાઈકુ

*દારૂબંધી નો,*
*કાયદો જ નશામાં -*
*લે લથડિયાં...*

*કાયદો તો છે -*
*કોઈમાં નિષ્ઠા નથી -*
*પકડે કોણ ?!*

### ચિંતન

**કાઠ કાટી માલા કિની, માંહિ પિરોયા સૂત,**
**માલા બિચારી કયા કરે, જો ફેરનહાર કપૂત**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણે પ્રભુનું નામ જપવા માળા ફેરવીએ છીએ. માળાનાં મણકાં તો એક પછી એક ફરતાં રહે છે અને મન? એ તો કયાંક ભટકતું હોય છે. આજે મેં પાંચ માળા ફેરવી એવો સંતોષ માનીએ છીએ પણ મન એમાં કેટલી વાર સ્થિર થયું ? આ રીતે માળા ફેરવવાથી શું વળે ?

કબીર કહે છે કે, ‘માળામાં તો કંઈ જીવ નથી. એ તો લાકડાને કાપી બનાવેલ મણકામાં અંદર એક દોરો પરોવીને બનાવેલી છે. આ માળા તો એક સાધન છે. મનને થોડી ક્ષણો પૂરતું પણ પ્રભુ નામમાં લીન કરી શકો તો તે જ સાચું છે. આથી કબીર કહે છે કે ફેરવનારો ખુદ અસ્થિર હોય અને મનને વશમાં રાખી ન શકે તો નિર્જીવ બિચારી માળા શું કરે?’

### સુવિચાર

- જો તમારામાં કામ કરવાની ક્ષમતા હોય તો તમને ઈશ્વરના આશીર્વાદ મળેલા છે - **રોબર્ટ ઈંગલ સોલ**
- જો તમે ભૂલ નથી કરી, તો તમે મુશ્કેલ સમસ્યાઓ પર કામ નથી કર્યું, અને એ સૌથી મોટી ભૂલ હશે - **જનકલ્યાણ**
- દરેક કાર્ય તેના કર્તાનો પડછાયો લઈને આવે છે, તમારા શ્રેષ્ઠ પ્રયાસોથી જ તમારા કામને તમારી ઓળખાણ બનાવો - **જનકલ્યાણ**
- યાત્રા ફક્ત એક જ પ્રકારની છે; તમારી પોતાની તરફની અંતરયાત્રા - **દલાઈલામા**
- તમારા દુઃખના મૂળ ભળે ઊંડા હોય, પણ ખુશ થતાં પહેલાં તમારા બધાં દુઃખ નાશ પામે તેની રાહ ન જુએ - **સંત રોબિન**
- સંકુચિત મગજને લાંબી જીભ હોય છે - **રશિયન કહેવત**
- આજનું ઔષધ : જસવંતીના ફૂલના પાનને વાટી ફોડલા પર લગાડવાથી તે પાકીને ફૂટી જશે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મોટા શેઠનો એકનો એક દીકરો અરમાન ખરાબ આદતે ચડી ગયો હતો. શેઠે તેને ખૂબ સમજાવ્યો પણ અરમાને કહ્યું, ‘પિતાજી, હજી તો હું ખૂબ નાનો છું, મોટો થઈને આ બધી આદતો છોડી દઈશ.’ પિતાજી અરમાનને લઈ સંત પાસે ગયા. સંતે બેય પક્ષની વાત સાંભળી. સંતે કહ્યું, ‘અત્યારે આપણે ત્રણ ફરવા જઈએ.’ આમ સંત, શેઠ અને અરમાન ત્રણે ચાલતાં નીકળ્યા. રસ્તામાં એક નાનો છોડ બતાવતા સંતે કહ્યું, ‘આ નાના છોડને અરમાન તું જમીનમાંથી ઉપાડી શકીશ ?’ અરમાને નાના છોડને તરત જમીનમાંથી મૂળ સહીત ખેંચીને હાથમાં લઈ લીધો. આગળ ચાલતાં એક પાંચેક ફુટના છોડને બતાવતાં સંતે કહ્યું, ‘અરમાન, આ છોડને જમીનમાંથી તું ઉપાડી શકીશ ?’ અરમાને કહ્યું, ‘હા જરૂર ઉપાડીશ.’ ખૂબ જોર કર્યું પણ અરમાન તે કરી શક્યો. આગળ ચાલતાં એક ઘટાદાર લીમડાનું ઝાડ જોયું અને સંતે કહ્યું, ‘અરમાન આ લીમડાનાં વૃક્ષને તું જમીનમાંથી ઉપાડી શકીશ ?’ અરમાને કહ્યું, ‘લીમડાના વૃક્ષને હું જમીનમાંથી ઉપાડી શકીશ નહીં.’ ત્યારે સંતે કહ્યું, ‘અરમાન, ખરાબ આદતોનું પણ આવું જ છે. નાના છોડને આપણે જમીનમાંથી ઉપાડી શકીએ છીએ પરંતુ મોટા વૃક્ષ માટે એમ કરવું શક્ય નથી, આદત નવી હોય ત્યારે આપણે તેને ઝડપથી છોડી શકીશું પરંતુ જો તે જુની થઈ જાય તો આદત છોડવી મુશ્કેલ બને છે, માટે તું પણ અત્યારે નાનો છે તો તારી ખરાબ આદત છોડી દે, જેમાં તારું ભલું છે.’ અરમાનને સંતની વાત સમજાઈ અને ખરાબ આદત ત્યારે જ છોડી દેવાની પ્રતિજ્ઞા લીધી.

# આતંકવાદને નાથવાનાં આકરાં પગલાંને આવકાર

**તંત્રીસ્થાનેથી...**

લોકસભામાં ધડાકાબંધ એક પછી એક પંદર ખરડા પસાર કરાવી મોદી સરકારે એની નિષ્ઠાનો પરિચય આપ્યો છે. આતંકવાદને જડમૂળમાંથી ખતમ કરવાના નિર્ધાર સાથે ચૂંટણી જંગમાં ઊતરેલી ભારતીય જનતા પાર્ટી પાસે એના મતદાતાઓની આ મુદ્દે નવી સરકાર ત્વરિત કાયદો કરે એવી અપેક્ષા પણ હોય. બુધવારે લોકસભામાં અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) અમેન્ડમેન્ટ બિલ - ૨૦૧૯ પસાર કરીને મોદી સરકાર અને સવિશેષ ગૃહમંત્રીએ એમની શુભનિષ્ઠા જ દાખવી છે. આ સુધારેલ ખરડામાં નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી - ‘એનઆઈએ’ નો અમર્યાદિત અધિકારો અને સત્તા મળતી હોઈ એનો રાજકીય વ્યક્તિઓ વિરુદ્ધ દુરુપયોગ થવાની સંભાવના જરૂર રહે છે. કારણ કે અગાઉ તપાસનીસ અધિકારીઓ રાજયના ડીજીપીની મંજૂરી લેવી પડતી હતી. પરંતુ હવે માત્ર એનઆઈએના ડિરેકટરની જ મંજૂરી જરૂરી રહેશે, એટલુંજ નહીં પણ ડીએસપી અને આસિ. કમિશનર રેન્કના અધિકારી પણ તપાસ કરી શકાશે. લોકસભામાં પ્રચંડ બહુમતી હોઈ મોદી અને શાહની જુગલજોડી એમની પરિકલ્પના મુજબની કાનૂન વ્યવસ્થા ઊભી કરવા સક્ષમ બની ગયા છે જે સપા, બસપા, કોંગ્રેસ અને ઓવૈસી જેવા કટ્ટર વિચારધારાવાળા સાંસદોને ખૂંચે તે સ્વાભાવિક છે. આ સુધારેલા ખરડાને રાજયસભામાં પસાર કરાવવામાં અલબત્ત, સરકારને તકલીફ પડશે; કદાચ રાજયસભા બે વાર એ ખરડો પાછો મોકલો તો ત્રીજી વાર તો આપોઆપ, બંધારણી જોગવાઈ મુજબ પસાર થઈ ગયેલો ગણાશે અને તે મોદી-શાહનો ભવ્ય વિજય બની રહેશે. આખરે ‘આતંકી’ની વ્યાખ્યા સીમિત કરવાથી પ્રજાને શો ફાયદો છે? એ કાશ્મીરનો મુસ્લિમ આતંકી હોય કે ઝારખંડ-છત્તીસગઢનો નકસલી : એ લોહી તરસ્યો જીવ છે જેને ઝબ્બે કરી નિર્દોષ પ્રજાજનોને એના જુલમથી બચાવવી તે સરકારની પવિત્ર ફરજ ગણાય. જો કેન્દ્ર સરકાર એ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા કૃતસંકલ્પ હોય તો વિપક્ષોએ એનો કરવા ખાતર વિરોધ નહીં કરવો જોઈએ. ખાટલે મોટી ખોડ એ છે કે ઉદ્દામ વિચારસરણી ધરાવતા કેટલાક વિચારકો કે જે નકસલવાદીઓના પ્રેરણાસ્રોત બનતા રહ્યા છે એમના માથે જેલમાં જવાનું જોખમ તોળાશે, એવી બીકને કારણે આ મુદ્દે સરકાર વિરુદ્ધ બૌદ્ધિક જમાત કાગારોળ મચાવે તેવી શક્યતા છે. મુઠ્ઠીભર બૌદ્ધિકોને છાવરવા જતાં હજારો - લાખો નિર્દોષોના જાનનો ખતરો સરજાય છે, તે સમજી લેવાની જરૂર છે. શાસન પાસે કઠોર નિર્ણયો લેવાની પણ ક્ષમતા અને સાહસ હોવાં જોઈએ. મોદી પાસે અને એમના પરમ વિશ્વાસુ ગૃહમંત્રી પાસે એ પૂરતા પ્રમાણમાં છે. ગુજરાતમાં જે રીતે રથયાત્રા સહિતના પ્રસંગોમાં થતી છુરાબાજી અટકાવવામાં મોદીશાસનને સફળતા સાંપડી હતી, એ જ પેટર્ન પર આતંકવાદ અને નકસલવાદને ડામવામાં પણ એ રાષ્ટ્રીય સ્તરે સફળ થશે તો દેશ એમને ફૂલડે જ વધાવશે, ભલે વોટબેન્કના ભ્રમમાં રાચતા વિપક્ષો કે ડાબેરી વિચારધારામાં હિંસાનું સમર્થન કરનારા બૌદ્ધિકો નારાજ થાય.

# પૃથુની પાલકકન્યા - માણસ માત્રની માતા



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

રાજા વેન દુરાચારી હતો. પ્રજાનો ત્રાસ આપતો. ઋષિઓ એ મૈત્રીઓને વિશ્વાસમાં લઈને એનો વધ કરી નાખ્યો. પરંતુ હવે રાજા વગરના રાજયમાં અરાજકતા વધી ગઈ. ચોરો અને લૂંટારાઓને ફાવી ગયું. પ્રજા રાજાના ત્રાસમાંતી છૂટી તો ચોરલૂંટારાના ત્રાસમાં આવી પડી.

ફરીવાર ઋષિ મુનિઓએ સમસ્યા ઉકેલી. વેનને બે પુત્રો હતા. મોટો નિષાદ અને નાનો પૃથુ. નિષાધ દુષ્ટતામાં એના પિતાને પણ ચડે તેમ હતો. ઋષિમુનિઓએ મંત્રીઓને વિશ્વાસમાં લઈને પૃથુને રાજયસત્તા સોંપી. પૃથુના જમણા હાથની રેખાઓમાં ચક્ર હતું. પ્રજાપતિ બ્રહ્માએ આ જોઈને હર્ષ વ્યક્ત કર્યો. ‘આ તો વિષ્ણુનો અવતાર છે.’ પૃથુ ખરા અર્થમાં પાલનકર્તા થઈને રહ્યો.

ગાદી ઉપર બેઠો, એટલે વૈતાલિકો - ચારણોએ સ્તુતિ શરૂ કરી. રાજાએ તેમને અટકાવી દીધા. ‘આ ગુણગાન બંધ કરો. મારામાં આ ગુણો છે, તમને કયાંથી ખબર પડી ? અને કદાચ આ ગુણો મારામાં હોય, તો પણ મોઢામોઢ પ્રત્યક્ષતઃ ગુણગાન થાય જ નહિ.’ લોકોને ખાતરી થઈ ગઈ - ‘રાજા તરીકે લાયક છે.’

એણે ગ્રામરક્ષકો અને સેનાને આદેશ કર્યો. ‘ક્રૂરતાપૂર્વક ચોરલૂંટારાને શોધી શોધીને રહેંસી નાખો.’ એણે જાહેરાત કરાવી - ‘રાજકુમાર પણ અપરાધી હતો,તો એને પણ આકરી સજા થશે.’ થોડા જ સમયમાં ઉપદ્રવો શમી ગયા અને શાંતિ સ્થપાઈ ગઈ.

મહારાજ પૃથુની પત્ની આર્ચીદેવી હતી. એમને બે પુત્રો હતા. મોટો અંતર્ધ્યાન અને નાનો વાદી. બંને પિતાનાં નિર્ણયોને માન આપતા, તેમ જ એમાં સહયોગ આપતા.

પૃથુ રાત્રે અંધારપિછોડી ઓઢીને નીકળે. લોકોની સમસ્યાઓને સમજે. એને ખબર પણ ન પડે, એ રીતે એ સમસ્યાનો ઉકેલ લાવી આપે. પ્રશાસનમાં કોઈની પણ સલાહ લે. રાજકુમાર, મંત્રી, ઋષિ, પુરોહિત, નાગરિક - કોઈ પણ એને સલાહ આપી શકે.

ગૃહઉદ્યોગો, હૂન્નર - કારીગરી, વેપાર વાણિજય, આશ્રમો, વૈદ્યની સેવાઓ, પાઠશાળાઓ - બધું પ્રવૃત્તિઓથી ધમધમવા લાગ્યું. ચોરલૂંટારાઓ પણ સારે ધંધે લાગી ગયા અને ગૃહસ્થી થઈ ગયા.

એણે ભૂમિની, ધરતીની સમસ્યા હાથમાં લીધી. ચારેય બાજુ જમીન પર્વતોથી છવાયેલી હતી. નાના મોટા પર્વતોવાળી ખડકાળ જમીન હતી. એણે આ જમીનને સમથળ બનાવવાનું એકદમ અઘરું કામ હાથમાં લીધું. જમીન સમથળ અને સપાટ બને. એનો એ બે રીતે ઉપયોગ કરે. એ એના ઉપર મોટી મોટી લોકવસાહતો ઊભી કરે. એને નગરનિર્માણની સુવિધા આપે. અભ્યાસ માટે, વ્યવસાય માટે જેને જે કાંઈ આર્થિક સહાયની જરૂર હોય તે પૂરી પાડે. જે જમીનો ફળદ્રુપ હતી, ઉપજાઉ હતી ત્યાં એણે ખેતી શરૂ કરાવી, એને પ્રોત્સાહન આપ્યું. નાના મોટા ખેતરો ધનધન્યાથી ઉભરાવા લાગ્યા. આ માટે સિંચાઈની વ્યવસ્થા ઊભી કરી જળવ્યવસ્થાપન પાર પાડ્યું. વાવકૂવા બંધાવે, જરૂર હોય ત્યાં બંધ બનાવે, નદીઓ - જળાશયોના પાણી નહેરોથી ઉપયોગમાં લે.

આ તો માત્ર જમીન હતી, ધરતી હતી. હવે એ વસુંધરા થઈ ગઈ, વસુધા થઈ ગઈ. એ એકમાત્ર પૃથુના પુરુષાર્થને કારણે શક્ય બન્યું. આ વસુધા હવે માતા થઈ ગઈ. પૃથુની એ જાણે કે આ પાલકપુત્રી હતી. લોકો જ હવે આને ‘પૃથ્વી’ તરીકે ઓળખાવા લાગ્યા.

# ભારતમાં શેર બજાર પર નિયંત્રણ કોણ કરે છે ?



ખજાનો
અનિલ પટેલ

## ભારતીય અર્થ વ્યવસ્થા

૧ ખાનગી ક્ષેત્રોની બેન્કોમાં સૌથી પહેલા કઈ બેન્કે કામગીરી શરૂ કરી ?
(અ) યુટીઆઈ બેન્ક (બ) આઈસીઆઈસીઆઈ બેન્ક
(ક) એક્સીસ બેન્ક (ડ) એચડીએફસી બેન્ક

૨ દલાલ સ્ટ્રીટ કયાં આવેલી છે ?
(અ) કોલકાત્તા (બ) દિલ્હી
(ક) હૈદરાબાદ (ડ) મુંબઈ

૩ ‘વી નો ઈન્ડિયા બેટર’ આ વાક્ય કઈ બેન્ક સંબંધિત છે ?
(અ) એસબીઆઈ (બ) બેન્ક ઓફ ઈન્ડિયા
(ક) યુટીઆઈ (ડ) પંજાબ નેશનલ બેન્ક

૪ યુટીઆઈની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧ જાન્યુઆરી ૧૯૫૬ (બ) ૧ એપ્રિલ, ૧૯૫૭
(ક) ૧ જાન્યુઆરી ૧૯૬૪ (ડ) ૧ જાન્યુઆરી, ૧૯૯૫

૫ સામાન્ય બજેટ તૈયાર કરવાની જવાબદારી કોની હોય છે ?
(અ) વડાપ્રધાન કાર્યાલય (બ) નાણા મંત્રાલય
(ક) રિઝર્વ બેન્ક (ડ) આયોજન પંચ

૬ ભારતમાં શૅર બજાર પર નિયંત્રણ કોણ કરે છે ?
(અ) રિઝર્વ બેન્ક (બ) નાણા મંત્રાલય
(ક) સેબી (ડ) નીતિ આયોગ

૭ ‘ઓપરેશન ફલડ’ શાની સાથે સંબંધ ધરાવે છે ?
(અ) ડેરી ઉદ્યોગ (બ) તેલીબીયાનો ઉદ્યોગ
(ક) રેશમ ઉદ્યોગ (ડ) મધમાખીની ખેતી

૮ સેબીનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) નાગપુર (બ) જયપુર
(ક) મુંબઈ (ડ) સુરત

૯ ‘ડૉલેક્ષ’ કયા શહેરના શૅરબજારનો શેરમુલ્ય સૂચકાંક છે ?
(અ) કોલકાત્તા (બ) મુંબઈ
(ક) દિલ્હી (ડ) ચેન્નાઈ

૧૦ ‘શેરી કલ્ચરલ’ એટલે શું ?
(અ) દ્રાક્ષની ખેતી (બ) અળશીયાની ખેતી
(ક) મધમાખીનો ઉછેર (ડ) રેશમ ઉદ્યોગ

૧૧ સૌ પ્રથમ ૧૪ વ્યાવસાયિક બેન્કોનું રાષ્ટ્રીય કરણ કયારે કરવામાં આવ્યું હતું ?
(અ) ૧૯ જુલાઈ ૧૯૬૯ (બ) ૧ જુલાઈ ૧૯૬૪
(ક) ૧ જાન્યુઆરી ૧૯૬૪ (ડ) ૧ એપ્રિલ ૧૯૫૭

૧૨ રિઝર્વ બેન્કનું મુખ્યાલય કયાં છે?
(અ) દિલ્હી (બ) મુંબઈ
(ક) અમદાવાદ (ડ) કોલકાત્તા

૧૩ સ્વતંત્ર ભારતનું પહેલું બજેટ કયારે રજૂ કરવામાં આવ્યું હતું ?
(અ) ૨૦ ઓગસ્ટ, ૧૯૪૭ (બ) ૧૬ ઓકટોબર ૧૯૪૭
(ક) ૨૬ નવેમ્બર, ૧૯૪૭ (ડ) ૩૧ ડિસેમ્બર ૧૯૪૭

૧૪ નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપરનું છાપકામ કયાં થાય છે ?
(અ) જયપુર (રાજસ્થાન) (બ) નાસિક (મહારાષ્ટ્ર)
(ક) બેંગ્લોર (કર્ણાટક) (ડ) હોશંગાબાદ (મધ્યપ્રદેશ)

૧૫ પ્રો. રાજા ચેલૈયા સમિતિ શાને લગતી છે ?
(અ) કરમાળખા અંગે (બ) રોજગારી માટે
(ક) અનામત નીતિ માટે (ડ) ઉદ્યોગ નીતિ માટે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૬ જુલાઈ : કારગિલ વિજય દિવસ**
  - પ્રખર અને પ્રકાંડ નાટ્યકાર જયોર્જ બર્નાજ શૉનો જન્મદિવસ (૧૯૫૬)
  - મનુભાઈ ત્રિવેદી ‘સરોદ’ની જન્મજયંતિ (૧૯૧૪)
  - સામાજિક આગેવાન અને સમાજ માર્ગદર્શક ખોડાભાઈ છગનભાઈ પટેલનો જન્મદિવસ (૧૯૧૨)
  - મુંબઈમાં એક જ દિવસમાં ૩૬ ઈંચ વરસાદ પડ્યો (૨૦૦૫)
- **૨૭ જુલાઈ :**
  - પુનિત મહારાજની પુણ્યતિથિ, નિધન (૧૯૬૨)
  - પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક એ.પી. જે અબ્દુલ કલામનું નિધન (૨૦૧૫)
  - જશપાલ રાણાએ વિશ્વ શૂટીંગ ચેમ્પિયનશીપ જીતી (૨૦૧૦)
  - ઓસ્ટ્રેલિયન ક્રિકેટર અને પૂર્વ સુકાની એલન બોર્ડરનો જન્મદિવસ (૧૯૫૫)
- **૨૮ જુલાઈ : (વન મહોત્સવ દિવસ)**
  - અખબારી સ્વાતંત્ર્યનો ખરા અર્થમાં ધર્મ બજાવનાર પીટર ગંઝરનું નિધન (૧૭૪૬)
  - જાણીતા કવિ અને નિબંધકાર અનિલ જોષીનો જન્મદિવસ
  - સ્પેને સોવિયેત સંઘને માન્યતા આપી (૧૯૩૩)
  - ચૌધરી ચરણસિંહ વડાપ્રધાન બન્યા (૧૯૭૯)
- **૨૯ જુલાઈ : (ઈન્ટરનેશનલ ટાઈગર ડે)**
  - જહાંગીર રતનજી તાતાનો જન્મદિવસ (૧૯૦૪)
  - ગુલામોના મુક્તિદાતા વિલિયમ વિલ્બર ફોર્સનું નિધન (૧૮૩૩)
  - બીબીસી રેડિયોની પ્રસારણ સેવાની શરુઆત થઈ (૧૯૪૯)
  - આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા આયોગની સ્થાપના કરવામાં આવી. (૧૯૫૭)
- **૩૦ જુલાઈ :**
  - હેનરી ફોર્ડ એક સફળ મોટર ઉદ્યોગકાર અને સંશોધકનો જન્મ (૧૮૬૩)
  - રાઈટ બંધુઓએ અમેરિકન સેનાને પ્રથમ સૈનિક વિમાન સોંપ્યું (૧૯૦૯)
  - જયોર્જ ઈસ્ટમેન પ્રથમ વખત રંગીન ફિલ્મનું પ્રદર્શન કર્યું (૧૯૨૮)
  - રમણલાલ હી. પાઠકની જન્મજયંતિ (૧૯૨૨)
- **૩૧ જુલાઈ :**
  - હિન્દી ભાષાના સમર્થ નવલકથાકાર મુનશી પ્રેમચંદજીનો જન્મ (૧૮૮૦)
  - જાણીતા સાહિત્યકાર હર્ષ બ્રહ્મભટ્ટનો જન્મદિવસ (૧૯૫૪)
  - ચેરાપુંજીમાં ૯૩૦૦ મીલીમીટરનો વિક્રમી વરસાદ પડ્યો (૧૮૬૧)
  - હિન્દી ફિલ્મોના પાર્શ્વગાયક મોહમ્મદ રફીનું નિધન (૧૯૮૦)
- **૧લી ઓગસ્ટ : (વિશ્વ સ્તનપાન દિવસ)**
  - નીડર સત્યાગ્રહી શ્રીમતી કમલા નહેરુનો જન્મદિવસ (૧૮૯૯)
  - કલાગુરુ રવિશંકર રાવળનો જન્મદિવસ (૧૮૯૨)
  - ફિલ્મ અભિનેત્રી મીના કુંમારીની જન્મજયંતિ (૧૯૩૨)
  - રમણભાઈ ના. શાહની જન્મજયંતિ (૧૮૯૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ઈસરો દ્વારા ચંદ્રયાન-૧ કઈ સાલમાં છોડવામાં આવ્યું હતું?**

**જવાબ : ૨૦૦૮ (૨૨ ઓકટોબર - ૨૦૦૮)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) હાર્દિક મકવાણા : સે-૨૪
(૭) શિવાંગ બી. પટેલ : સરગાસણ (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતના નવા નિયુક્ત થયેલા રાજયપાલશ્રીનું નામ શું છે?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ભાતીગળ સંસાર



હળવે હૈયે
પ્રકાશ લાલા

વ્યક્તિના અવાજનો રણકો એના ‘મૂડ’ નો પડઘો પાડતો હોય છે. આ કંઈ અમારું નવું સંશોધન નથી, આપણા સૌનો અનુભવ છે.

અમારા પડોશી બાબુલાલ ‘શેરબજારિયા’ છે એટલે કે ‘શેરબજાર’ના રસિયા, ‘લે-વેચ’ ના અભ્યાસી - ખેલાડી છે... સવારે શેરબજાર કામ કરતું થાય ત્યારથી સીએનબીસી એની ચેનલ ચાલુ કરી ટી.વી. સામે ગોઠવાઈ જાય ને ફોનથી ‘સોદા’ કરતા રહે...

આ બાબુલાલ જો ખૂબ ઉત્સાહથી, મોટેથી- સામેથી અમને ‘કેમ છો, પનુભાઈ?’ કહીને બોલાવે તો સમજાઈ જાય કે આજે ‘બજાર’ તેજીમાં છે, ઈન્ડેક્ષ ઉંચકાયો છે. ને બાબુલાલ આજે ‘લે-વેચ’માં કમાયા છે... પણ જે દિવસે ઠંડા હોય, સામેથી બૂમ પાડીને એમને બોલાવે નહીં ને અમે ટહૂકો કરીને પૂછીએ કે ‘કેમ છો, બાબુભાઈ ?’ ... ત્યારે જવાબમાં એ ઢીલું ઢફ બોલે કે ‘બસ, મજામાં... ચાલ્યા કરે છે !’... તો એનું કારણ એમને પેટમાં કે દાંતમાં દુઃખે છે તે નહીં, ઘરમાં કોઈને કંઈ પ્રોબ્લેમ છે તે નહીં પણ સીએનબીસી ઉપર, શૅરબજાર તૂટ્યા ‘ના ને ‘ઈન્ડેક્ષ ગગડ્યા’ ના સમાચાર જોયા હોય !!’

આ તો ઉદાહરણ છે કે સામાન્યતઃ અવાજના રણકા પરથી માણસનો મિજાજ - મૂડ કેવો છે એ પરખાય છે.... અલબત્ત, ઘણા એવા પણ જોવા મળશે કે આનંદમાં - શોકમાં એમના અવાજનો રણકો ‘કંટ્રોલ્ડ’ જ રહેતો હોય છે. આનંદમાં - ખુશીના સમાચાર જાણી એ ઉછળી નથી પડતા ને દુઃખમાં ‘ડલ’ નથી પડી જતા... એટલું નહીં, એવા પણ મળશે કે જે ‘પ્રમોશન’ ના સમાચાર જે ખુશીથી આપે એ જ ખુશીથી એમના પ.પૂ. પિતાજી કઈ રીતે ગુજરી ગયા તેનું વિગતે વર્ણન કરી શકે છે !!

આમ સંસારમાં ‘ભાત ભાત કે લોગ’ ભટકતા રહે છે... કેટલાક વરસાદનું એક ઝાપટું પડે ને પાછો તડકો નીકળે તોય રાજી રાજી થઈ જાય ને બોલી ઊઠે કે ‘શુકન કર્યા ને ? હવે આવશે...’ તો સામે એવાય નમૂનાઓ છે કે મેઘરાજા ધોધમાર, કલાક વરસી જાય તોય ફરિયાદ જ કરવાના : ‘ચોમાસું છે પણ મન મૂકીને પડતો નથી... ગરમીમાં બફાઈ જવાય છે...’

હોય... અલગ અલગ સ્વભાવ, મિજાજ, ટેમ્પરામેન્ટના માણસોથી જ સંસારની શોભા છે, એટલે કે મજા છે !! આવું એક વિચિત્ર વ્યક્તિત્વ એટલે અમારા લાલાકાકા... હમણાં ખાસ્સા દિવસો પછી અંકલ મળી ગયા... છેલ્લે એક સંગીતના પ્રોગ્રામના મફતિયા પાસ માટે એમની અમારે ત્યાં પધરામણી થઈ હતી. એમને પાસ જોઈતો હતો ને અમે કહેતા હતા કે, ‘અંકલ, આમાં તમને રસ નહીં પડે... આ કંઈ ફિલ્મી ગીતોનો પ્રોગ્રામ નથી... આ તો...’

‘ખબર છે બસ મને... મને મજા પડશે કે નહીં એની ચિંતા તમે છોડો... બસ, એક પાસની વ્યવસ્થા કરી આપોને, યાર !’ લાલાકાકાએ કહ્યું હતું.

અંકલ પાસ લીધા વિના છોડશે નહીં એટલે ના છૂટકે - આ પાસ નકામો જ જવાનો માનીને - અમે એમને એ પ્રોગ્રામનો પાસ આપ્યો હતો... પછી અંકલ મળ્યા ન હતા... એટલે બહુ દિવસે એમને જોયા... એમને પૂછ્યું : ‘લાલાકાકા, પછી તમને પેલા પ્રોગ્રામમાં મજા આવેલી?’

‘બહુ જ...’

‘હેં ?’

‘હાસ્તો... નવા - સરસ વિશાળ હોલ હતો, પાવરફુલ એસીના લીધે મસ્ત મસ્ત ઠંડક હતી ને ખુરસીઓ પણ ખૂબ આરામદાયક હતી.’

‘હા... પણ શાસ્ત્રીય ગાન - કલાસિકલ મ્યુઝિકમાં તમને રસ પડ્યો ?’

‘પનુભાઈ, ગાનાર ગાતા હશે... આપણે તો બે કલાક ઠંડકમાં મહેરથી નિંદર માણી લીધી... મજા આવી ગઈ... હા, વચ્ચે વચ્ચે આંખ ખુલે ત્યારે ગાનાર ઉસ્તાદ એકની એક લીટી જ ઊંચા-નીચા અવાજે, ટૂંકાવીને ને કે તાણી તાણીને લાંબી કરીને ગાતા જ સંભળાય... યાર, પ્રોગ્રામમાં આવે ને ગીત ભૂલી જઈ એકની એક લીટી ગાયા કરે તે ચાલતું હશે ?’ અંકલે શાસ્ત્રીય સંગીતના ભવ્ય જલસા વિશે એમનો ‘રીવ્યુ’ આપી દીધો... અમારાથી કપળ - અમારું સ્તો - કૂટ્યા સિવાય બીજું કંઈ થઈ શકે એમ હતું ?

કેટલાક ‘ઘડિયાળ’ જેવા હોય છે. એમની બધી વાતમાં ચોક્કસ કલાક, મિનિટ, સેકન્ડ સાથેની જ હોવાની... ‘તમે કાલે ચાની લારી ઉપરથી ચારને ચોવીસે, જ નીકળી ગયા હશો કેમ કે હું ત્યાં ચાર વાગીને છવ્વીસ મિનિટ ને છત્રીસ સેકન્ડે પહોંચ્યો ત્યારે ઠક્કરભાીએ કહ્યું કે રાજપૂત હમણાં હાલ જ કંઈક કામ હતું એટલે નીકળી ગયા... માણસ ટાઈમનો આટલો બધો ‘એક્યુરેટ’ કઈ રીતે રહી શકે ? રહે તો રહે પણ સેકન્ડ - મિનિટ - કલાકની ગણતરી સાથે બધું વર્ણવી શકે ?’

અમારા એક પરિચિતને બધી વાત માંડીને જ કહેવાની આદત છે... ‘આજે ભજનમાં કેમ મોડા પડ્યા ?’ એવું પૂછ્યું તો મર્યા... એ શરૂ કરશે : ‘કાલે સવારે બાપુજીનો વતનમાંથી ફોન આવ્યો કે સાંજે આવું છું... એમને બસ સ્ટેન્ડથી લઈ આવ્યો... પછી ડોકટરને બતાવવાનું હતું તે બતાવી, દવાઓ અપાવી... ઘરે આવ્યા... જમ્યા, વાતો કહી ને બાપુજીને સવારથી બસમાં પાછો મૂકી આવ્યો...’ એમની વાત આવી લાંબી આજે સાંજે ભજનમાં એમના મોડા પડવાનું કારણ સમજાય નહીં... પણ કંટાળીને કહી દેવું પડે કે, ‘ભલે... હવે બંધ થાવ ને ભજન ગાવ...’

કહેવાનું તાત્પર્ય એ જ છે કે આવા ભાત ભાતના લોકોના લીધે જ સંસાર ‘ભાતીગળ’ છે એમ કહેવાય છે.